## MSUના તબલા વિભાગે પ્રો. સુધીરકુમાર સક્સેનાનું ૧૦૦મું જન્મજયંતી વર્ષ ઉજવ્યું

# પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીમાં એક વર્ષમાં ૮૦ કાર્યક્રમો યોજાયા

**સંદેશ**

એમ. એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના તબલા વિભાગ દ્વારા ૫ જુલાઈ ૨૦૨૨ થી ૫ જુલાઈ ૨૦૨૩ દરમિયાન પ્રો. સુધીરકુમાર સક્સેનાની ૧૦૦મી જન્મજયંતી ઉજવી રહ્યું છે. મૂળ અલીગઢ, ઉત્તર પ્રદેશના રહેવાસી પ્રો. સુધીર કુમાર સક્સેનાનો જન્મ ૫ જુલાઈ ૧૯૨૩ના રોજ થયો હતો. તેઓ ભારતના પહેલા તબલા વાદક હતા કે જેઓને ઓલ ઈન્ડિયા રેડિયોએ A ગ્રેડ કલાકાર તરીકે ઘોષિત કર્યા હતા.

વર્ષ ૧૯૫૦ માં એમ. એસ. યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર હંસાબેન મહેતાએ મ્યુઝિક કોલેજમાં તેઓની તબલાના પ્રોફેસર તરીકે વરણી કરી હતી. તેમણે ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સમાં ૩૩ વર્ષો સુધી સેવા આપી અને વર્ષ ૧૯૮૩ માં સેવા નિવૃત્ત થયા. સેવા નિવૃત્તિ બાદ પણ તેઓએ અનેક શિષ્યોને તાલીમ આપી હતી.


સ્વ. પ્રો. સુધીરકુમાર સક્સેના


પ્રો. ગૌરાંગ ભાવસાર

પ્રો. સુધીર કુમાર સક્સેનાની ૧૦૦મી જન્મજયંતી વર્ષની ઉજવણી વિશે માહિતી આપતા ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના ડીન પ્રો. ગૌરાંગ ભાવસારે જણાવ્યું હતું કે, પ્રો. સુધીરકુમારના અનેક શિષ્યો ગુજરાત, ભારત અને વિદેશોમા તબલાના અજરાડા ઘરાનાનો પ્રચાર કરી રહ્યા છે. પ્રો. સુધીરકુમાર સક્સેનાની સ્મૃતિમાં તેમના વારસાને આગામી પેઢી સુધી આગળ ધપાવવા ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના તબલા વિભાગ દ્વારા પ્રો. સુધીરકુમાર સક્સેના જન્મ શતાબ્દી મહોત્સવનું આયોજન કરાયું છે. આ જન્મ શતાબ્દીની શરૂઆત ૫ જુલાઈ ૨૦૨૨ થી કરાયો હતો અને તેનું સમાપન ૫ જુલાઈ ૨૦૨૩ ના રોજ કરાશે. આ જન્મ શતાબ્દી વર્ષ અંતર્ગત ગાયન, તબલા વાદન, સિતાર, સૂર બહાર, ધ્રુવપદ, પખાવજ વાદન, કથક તથા ભરતનાટયમ નૃત્ય વગેરેના ૮૦ થી વધુ કાર્યક્રમો યોજાયા છે. જન્મ શતાબ્દી વર્ષ દરમિયાન આયોજિત કાર્યક્રમોમાં દેશભરમાંથી ૧૨૫ કરતાં પણ વધારે કલાકારોએ પ્રસ્તુતિ કરી હતી.

### જન્મ શતાબ્દી વર્ષ દરમિયાન થયેલા મુખ્ય કાર્યક્રમો

1. વર્ષ દરમિયાન દર સોમવારે ઓનલાઇન ૪૮ લેક્ચર થયા. જેમાં સંગીત, નૃત્ય અને નાટક વિદ્યાના અલગ-અલગ વિદ્વાનોએ વ્યાખ્યાનો આપ્યા.
2. કોન્સર્ટ હોલ, ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ મુકામે દરેક મહિને એક એવા કુલ ૧૨ પ્રો. સુધીરકુમાર સક્સેના સંગીત સમારોહ યોજાયા.
3. તબલાના પંજાબ ઘરાનાના પંડિત સુશીલકુમાર જૈનનો નેશનલ તબલા વર્કશોપમાં ૨૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.
4. તા. ૩૦ નવે. ૨૦૨૨ના રોજ પ્રો. સુધીરકુમાર સક્સેનાના નિર્વાણ દિને પદ્મશ્રી તાલયોગી પંડિત સુરેશ તલવલકરનો તબલાવાદનનો કાર્યક્રમ થયો હતો.
5. તા. ૯ અને ૧૦ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પ્રો. સુધીર કુમાર સક્સેના શોધાર્થી સમ્મેલન થયું હતું.
6. તા. ૧૬ અને ૧૭મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ નેશનલ સેમિનારનું આયોજન કરાયું હતું.
7. ગાયન, વાદન, નૃત્યના કુલ ૮ વર્કશોપમાં પદ્મશ્રી ડૉ. આનંદા શંકર જયંત અને ડૉ. વિધિ નાગર જેવા ઉચ્ચ કોટીના કલાકારો આવ્યા હતા.